# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

લઇ જશે લાભ લાલા પેટી-બક્ષા સિંચાઇ જશે!
છૂટી જશે શેહ-શરમ ન આંખ મિંચાઇ જશે!
ખેંચાઇ જશે સામ-સામા થશે સખડ-ડખડ,
ટિકીટના વ્યવહારમાં સિધ્ધાંતો વેંચાઇ જશે..
(લાયક ઉમેદવારો જોતા રહી જશે...)

## હાઈકુ

એકબીજાને,
પાપીઓ જ કરે છે -
પથ્થરબાજી..
(નિષ્કલંક જ પહેલો પથ્થર મારે..)
- બાઇબલ વાર્તા

બળે કાશ્મીર,
થઇ છે ફરી શરૂ,
આતંક - વર્ષા
(પાકિસ્તાની મદદે)

## ચિંતન

**ઉપકારશ્ચાપકારો યસ્ય વ્રજતિ વિસ્મૃતિમ્ ।**
**પાષાણ હૃદયસ્યાસ્ય જીવતીત્યભિધા મુધા ॥**

'પોતે કરેલા અપકારો અને બીજાઓએ કરેલા ઉપકારને જ ભૂલી જાય છે તે પથ્થર હૃદયી માનવી જીવે છે એવું કહેવું જ વ્યર્થ છે.'

આજે બધા વ્યવહાર સ્વાર્થમય થઇ ગયા છે. સંબંધોમાં વ્યવહાર પણ ગણતરી પૂર્વક કરવામાં આવે છે. સગાં-સંબંધીના લગ્ન-વહેવારમાં 'ચાંદલા' માટે પોતનો ચોપડો જોવામાં આવે અમારે ત્યાં એણે કેટલાનો ચાંદલો કર્યો હતો! દસ વર્ષ પહેલાં જે વહેવાર થતા એ આર્થિક રીતે ખૂબ પરિસ્થિતિ બદલી ગઇ છે, ત્યારે પચ્ચીસ રૂપિયાની 'થાળી' હતી આજે થાળીના બસો રૂપિયા છે.

આજે માણસનો સ્વાર્થ મટે એટલે કોઇએ કરેલા ઉપકારને ભૂલી જાય છે આપણાથી કોઇને હેરાનગતિ-દોષ-ભૂલ થઇ હોય તો 'ક્ષમા' સાથે અપકારનો બદલો - નૂકશાનની ભરપાઇ કરી આપવી જોઇએ.

કોઇએ કરેલો ઉપકાર જિંદગીભર યાદ રાખી આપણો સમય આવે ત્યારે ઉપકારનો બદલો વાળી આપવા પ્રયત્ન જરૂર કરવો જોઇએ.

## સુવિચાર

- સુધારા જાહેર કરવા એ તો ખામીઓ દૂર કરવાનું સંશોધન માત્ર છે, 'ક્રાંતિ' જ શક્તિનું પરિવર્તન છે **- બુલવર્ટ લિટન**
- ક્રાંન્તિમાં 'સામાજિક પરિવર્તન'નું મહત્ત્વ છે એમાં સંઘર્ષ-યુધ્ધ-રક્તપાત થતો નથી **- દાદા ધર્માધિકારી**
- ક્રાંતિની ગતિને 'સમય'માં બંધાતી નથી તે સ્વયં પોતાના નિયમથી શાસિત થાય છે **- લેનિન**
- ક્રાંતિને ઉત્પન્ન નથી કરાતી તે આપોઆપ થાય છે **- વેંડેલ ફિલિપ્સ**
- ક્રાંતિ 'નિષ્ફળ' જાય એ અપરાધ નથી **- લેનિન**
- ક્રાંતિનો જન્મ મોટી 'સમસ્યા'થી નથી થતો પરંતુ નાની-નાની વાતોમાં 'અન્યાય'માંથી થાય છે **- સોક્રેટીસ**
- જીવનની જરૂરિયાતનો અભાવ, અન્યાય અને અસંતોષ એ ક્રાંતિના પાયાનું કારણ છે **- એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

ઘણી વખત સરકાર 'મૂંઝવણ'માં પડી જાય, પ્રજાને લાભ થાય એવો નિર્ણય લે તો વેપારીઓ નારાજ થાય, ગરીબોને ખૂશ કરે તો જમીનદારો નારાજ, મજદૂરોનું સાંભળે તો ઉદ્યોગપતિ નારાજ..

ત્રણ શિષ્યો ફરતા હતા. એક સિક્કો જોયો, બીજાએ તેને સાફ કર્યો, ત્રીજાએ ઉપાડ્યો.

પછી માલિકીનો અને ઉપયોગનો વિવાદ થયો. પહેલો કહે મને મિઠાઇ જેવું કંઇક ખાવું છે.

બીજો કહે મને ઘણી ભૂખ લાગી છે કંઇક જથ્થોમાં મળે એવું ખાવું છે.

ત્રીજો કહે મને 'તરસ' લાગી છે. કંઇક જ્યૂસ જેવું પીવું છે - વિવાદ વકર્યો.

હાઇકમાન્ડ જેવા ગુરૂ પાસે ગયા. સિક્કાની માલિકી અને શું ખાવું એની વિવાદી ચર્ચા થઇ. હવે શું કરવું. ગુરૂએ સિક્કો લઇ બજાર ગયા.. ને ગુરૂ, દાક્ષની ત્રણ પેટી લઇ આવ્યાં.

પહેલાને કહ્યું - આ મિઠાઇ સમજી ખાઇ જા!

બીજાને કહ્યું - આ જથ્થાબંધ મિઠાઇ સમજી ખા -

ત્રીજાને કહ્યું - આ નો જ્યુસ કાઢી તારી તરસ છિપાવ..

ત્રણે ખૂશ થયા.

નિર્ણયો બધાને ખુશ કરે એવા હોવા જોઇએ.

# આપણો અંતરાત્મા કહે છે કે આ ખોટું છે, પણ વ્યાવહારિક્તા કહે છે કે આમ જ વર્તવું પડશે, દરેક સ્થળે, સમયે તમારે તમારી મૂળ અભિવ્યક્તિને દબાવીને પ્રેક્ટિકલ બનવાનું

## Be Practical Yaar !
## વિચાર યાત્રા

- જય ઓઝા

પ્રેક્ટિકલ થવું જોઇએ, પ્રોફેશનલ થવું જોઇએ, વ્યાવહારિક બનવું જોઇએ, અત્યારનાં સમયમાં સાંજ પડતાં સુધીમાં છાશવારે ઉપરનાં વાક્યો આપણે સાંભળીએ છીએ. અને સંભળાવીએ છીએ.

'પ્રોફેશનલ' શબ્દનું શુધ્ધ ગુજરાતી શું છે ખબર છે? 'સ્વાર્થી.' પ્રોફેશનલ થવું એટલે સ્વાર્થી થવું. ફક્ત પોતાનો જ વિચાર કરવો. આજનાં સમયમાં જે વ્યક્તિ પ્રેક્ટિકલ નથી, પ્રોફેશનલ નથી, વ્યવહારિક નથી તે મૂર્ખમાં ખપે છે, એટલે તમારે તમારા હૃદયની વાત નહીં સાંભળવાની પણ મગજની ગણતરીઓ માંડવાની. સમાજમાં રહેવાનું છે, સોસાયટીમાં શ્વસવાનું છે, તેના બનાવેલા ધોરણો પ્રમાણે જ ચાલવાનું છે, તમે એમાં ફીટ ન બેસો તો ફેંકાઇ જવું પડે. નહીંતર સમાજ ફાડી નાખે છે.

જીવનમાં દરેક ક્ષેત્રમાં વ્યવહારૂ વલણ અપનાવવું પડે છે, ડાહી અને શાણપણની વાત કરવાની, લોકોને ગમે તે બાબત પર અને એ કહે ત્યારે હસવાનું, સમય પ્રમાણે રોવાનું, સવારે બેસણું પતાવીને બપોરે લગ્નમાં જમવા જવાનું. આ છે વ્યાવહારિકતા. પ્રામાણિકતાનો દંભ કરીને અપ્રમાણિકતા આચરવાની.

આપણો અંતરાત્મા કહે છે કે આ ખોટું છે, પણ વ્યાવહારિકતા કહે છે કે આમ જ વર્તવું પડશે. દરેક સ્થળે, સમયે તમારે તમારી મૂળ અભિવ્યક્તિને દબાવીને પ્રેક્ટિકલ બનવાનું.

ગાંધીનગરથી સરખેજ હાઇવે પર સવારે ઓફિસ જવા નીકળીએ છીએ, રસ્તામાં બે સ્કૂટરની ટક્કર થઇ ગઇ. એક જણને થોડું વાગ્યું છે, તમે તેની બાજુમાંથી પસાર થઇ રહ્યાં છો. હૃદય તો ઘણું કહે છે કે રોકાઇને તેને કાંઇ મદદ કરીએ પણ બુધ્ધિ એમ કહે છે કે પહેલાં ઓફિસ જવું પડશે. પ્રેક્ટિકલી ત્યાં રોકાવું યોગ્ય નથી.

ચાર રસ્તા ઉપર ટ્રાફિકના નિયમોનો ભંગ કરીએ અને પકડાઇએ પછી ટ્રાફિક હવાલદાર સાથે પતાવટ કરીએ છીએ, કારણ કે વ્યાવહારિકતા તેમાં જ છે. પ્રામાણિકતાનો ઝંડો પકડીને બોચિયાંમાં ખપાવું પાલવે તેમ નથી.

રિલેશન મેઇન્ટેઇન કરવા પડે છે. કામમાં સંબંધ, વગર આત્મીયતાએ પણ સિંગમની જેમ ખેંચે રાખવા પડે છે જે સાથી કર્મચારી અથવા બોસ દીઠો ન ગમતો હોય અથવા તમને જેની સાથે જરા પણ ન બનતું હોય તેના જન્મદિવસે સવારનાં પહોરમાં તેને વિશ કરવા દોડી જશું, સાથે પાછી કોઇ ગિફ્ટ લઇને જઇશું કારણ કે આમ કરવું જરૂરી છે, તમારે તેની સાથ`આખો દિવસ કામ કરવાનું છે, ભવિષ્યમાં તમારા પ્રમોશન માટે આ વ્યક્તિને તમે નિસરણી બનાવી રહ્યાં છો. પણ ખરેખર, જોવા જઇએ તો સંબંધ જાળવવા પડે તેના કરતા તેને કેળવતા શીખીએ તો આનો દંભ તો ન કરવો પડે!

હવે લગ્ન માટે હૃદય-મેળાપ જરૂરી નથી, ગ્રીનકાર્ડ ધરાવતો યુવક કે યુવતી આવે તો ચટ મંગની પટ બ્યાહ થઇ જાય છે, લગ્ન કરવા માટે આ સૌથી મોટું કારણ છે, પ્રેક્ટિકલી જોવા જઇએ તો છોકરીને સારૂં ઘર, અમેરિકા જેવો દેશ, પૈસા, સમાજમાં પ્રતિષ્ઠા બધું જ મળશે, પણ આત્મીયતા, પ્રેમ મળશે? પણ જવા દો ને થોડા પ્રેક્ટિકલ તો થવું જ પડે ને! અને આ બધું તો એડજસ થઇ જાય. લગ્ન પછી બધું સમુસૂતરૂં જ થઇ જાય છે.

જીવનમાં સંવેદનશીલ બનવામાં માલ નથી. લાગણીશીલ વ્યક્તિને વ્યવહારૂ સમાજમાં ધક્કે જ ચડવું પડે છે, કારણ કે બહુધા જનસમુદાયે વ્યાવહારિકતાને સાંગોપાંગ આત્મસાત કરી લીધી છે, એવામાં અપવાદરૂપ કિસ્સો જો વધારે પડતા લાગણીશીલ વ્યક્તિઓ આવે તો એ બિચારો ઠોખરો ખાધા કરે છે.

પરંતુ વ્યવહારિક હોવાની સાથે - સાથે હૃદયના ખૂણામાં એક તૃતીયાંશ જેટલા ભાગમાં સંવેદના, લાગણી, ભાવના આ બધા આઉટ ડેટેડ શબ્દોને પણ જગ્યા આપજો જેથી કરીને આપણે સંપૂર્ણ યંત્ર-માનવ ન બની જઇએ, જીવનના અમુક સંબંધ, અમુક કામ, અમુક નિર્ણય તો Atleast ભાવના, લાગણી અને સંવેદનાના આધારે મૂલવજો!

બાકી તો... હમણાં એક હિંદી કવિતા વાંચી હતી. કવિનું નામ ખબર નથી પણ કવિતા સરસ છે... પ્રેક્ટિકલી પણ સરસ છે.

વ્યાવહારિકતા કા તકાઝા હૈ
યહ કવિતા નહીં લીખી જાની ચાહિએ...
બાજવ્યક્ત વ્યવહારિતા મુઝે,
આહિસ્તા આહિસ્તા મરને કા
સ્વેચ્છાપૂર્વક ઓઢા ગયા ફરમાન
જાન પડતી હૈ
જિસ ષડ્યંત્ર મેં ખુદ કે ખિલાફ મેં ખુદ શામિલ હૂં
વ્યાવહારિકતા કા તકાઝા હૈ
યહ મત બોલો, યહ મત કરો...
ઐસા કરો, વૈસા કરો...
સમજતે - જાનતે બૂઝતે હુએ કી
ઇન સબકા કોઇ આધાર નહીં
ગલત હૈ યે ફિર ભી
વ્યાવહારિકતા કે નામ પર
અંદર કી પવિત્ર, નિષ્પાપ, ઇમાનદાર
અભિવ્યક્તિ કી હત્યા કર ડાલતા હૂં
અબ રૂકતા હૂં...
દુનિયા કહતી હૈ
ઔર હા, અપને ખિલાફ ષડયંત્ર મેં શામિલ
ખુદ મૈં કહતા હૂં
વ્યવહારિકતા કા તકાઝા હૈ
યહ કવિતા નહીં લીખી જાની ચાહિયે,
યહ કવિતા નહીં લીખી જા સકતી.

**જીવનમાં દરેક ક્ષેત્રમાં વ્યવહારૂ વલણ અપનાવવું પડે છે, ડાહી અને શાણપણની વાત કરવાની, લોકોને ગમે તે બાબત પર અને એ કહે ત્યારે હસવાનું, સમય પ્રમાણે રોવાનું, સવારે બેસણું પતાવીને બપોરે લગ્નમાં જમવા જવાનું, આ છે વ્યાવહારિકતા, પ્રામાણિકતાનો દંભ કરીને અપ્રમાણિકતા આચરવાની**

# વિવિધ ક્ષેત્રમાં રૂચિ ધરાવતાં મુકેશભાઈ સમાજ પરિવાર, કલા-સાહિત્યની વધુમાં વધુ સેવા કરે, વ્યવસાયમાં અગ્રેસર રહે તેવી શુભેચ્છા

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

"પુસ્તકોનું મૂલ્ય રત્નોથી પણ વધુ છે.
કેમ કે,
રત્ન બહારથી ચમક-દમક દેખાડે છે.
જયારે
પુસ્તકો અંતરાત્માને ઉજ્જવળ કરે છે."
**- મહાત્મા ગાંધી**

ઉપરોક્ત સુવિચારને પોતાના જીવનમાં આત્મસાત કરનાર ઉદ્યોગકાર મુકેશભાઇ પંચાસરાને વાંચનનો અનહદ શોખ છે. તા. ૦૫-૦૩-૧૯૫૮ ના રોજ તેમજ પી.ડી.આઇ.સી.નો અભ્યાસક્રમ કર્યો છે. તેઓએ તા. ૦૪-૦૫-૦૧૯૮૩ માં અમદાવાદ ખાતે શ્રીમતી મીનાબહેન સાથે ગૃહસ્થાશ્રમના પગરણ માંડ્યા હતા. તેઓ મિકેનિકલ ક્ષેત્રમાં વ્યવસાય કરે છે. મુકેશભાઇ અને મીનાબહેનને સંતાનોમાં બે સુપુત્રી અને એક સુપુત્ર છે.

ઉદ્યોગકાર મુકેશ પંચાસરા કહે છે કે, 'આધુનિક ઉપકરણોનો ઉપયોગ યોગ્યરીતે થાય, તે હિતાવહ છે'



આજના ઝડપી સમયમાં કોમ્પ્યુટર યુગ વિશે મુકેશભાઇ એમ કહે છે કે, 'કોઇ પણ કાર્ય કરવા માટે ખૂબ જ ઉપયોગી સાધન છે.' મુકેશભાઇના વ્યક્તિત્વના અનેક સુંદર પાસાઓ છે, પણ તેને વાચવાનો અનન્ય શોખ છે, તે પાસુ અન્ય લોકો માટે પ્રેરણાદાયી છે. ખોટી વ્યવસ્તતાનો ડોળ કરનારા હંમેશા કહેતા હોય છે કે, 'મારી પાસે સમય જ કયાં છે?' પણ આ દંભ છે. જે માણસ પોતાના મનના આનંદ માટે જો સમય ન કાઢી શકે, તો તે માણસ નહીં મશીન છે, એમ કહેવામાં અતિશ્યોક્તિ નથી.

ભલે વ્યવહાર, વ્યવસાય અને પરિવાર હોય, પણ મુકેશભાઇનો પુસ્તક સાથે રહેવાનો નાતો અલગ જ છે. બાધા, આખડી, માનતામાં જરા પણ વિશ્વાસ ન રાખનારા તેઓ સ્વાસ્થ્ય જાળવવા સોમવારે એકટાણું કરે છે. સવારે ભગવાનના દર્શન કરી પછી ફેક્ટરીએ જાય છે.

અહીં, ઓસ્કાર વાઇલનું સુભાષિત ઉગારવાનું ગમે જ.

કુદરત બધાને સુખી થવાનો અવસર આપે છે,
સવાલ છે, તે માટો પોતાનું યોગદાન આપવાનો.

મુકેશભાઇએ પૂર્વ ભારત સિવાય ભારતમાં પ્રવાસો કર્યા છે. તો યુરોપ તથા ઇંગ્લેન્ડના પ્રવાસે અનેકવાર ગયા છે. રાજકોટ રોટરી કલબ, લોધિકા જી.આઇ.ડી.સી. વ. સંસ્થાઓ સાથે સંકળાયેલાં મુકેશભાઇ યુવા પેઢીને પ્રેરક સંદેશ આપતા કહે છે કે, 'હાલમાં કોમ્પ્યુટર, મોબાઇલ, ઇન્ટરનેટ જેવા સાધનોનો ગેરઉપયોગ થઇ રહ્યો છે, તેનો હું જાહેર વિરોધ કરૂં છું.'

રોટરી ગ્રેટર કલબ, ગુર્જર સુતાર જ્ઞાતિ, ઔધોગિક સંસ્થાઓમાં જમણા હાથે દાન કર્યું હોય, તો ડાબા હાથને ખબર પણ ન પડે, તેમ તેઓ સદ્‌કાર્યો કરી રહ્યાં છે.

પિતા ત્રિભુવનભાઇ અને માતા પુષ્પાબહેન પાસેથી સંસ્કાર, પરિશ્રમ, ધર્મના પાઠ શીખેલાં. મુકેશભાઇ સ્વસ્થ, પ્રસન્ન રહી પોતાના વ્યવસાયમાં તલ્લીન રહે છે. રાજકોટ નજીકના મેટોડા ઔધોગિક વિસ્તારમાં તેમનું રૂપકલા એન્જિનીયર પ્રા. લી. સંકુલ છે. તેઓ ઉત્પાદનમાં હાઇપ્રીશીઝન ગીયરનું ઉત્પાદન કરી રહ્યાં છે. તેમનું ઉત્પાદન ભારતમાં તેમજ વિદેશ સુધી પહોંચે છે.

સતત, અવિરત જાગૃત રહી સફળતાની મંઝિલ તરફ આગળ વધી રહેલા મુકેશભાઇ પંચાસરા ક્રિકેટમાં રસ ધરાવે છે. વિવિધ ક્ષેત્રમાં રૂચિ ધરાવતાં મુકેશભાઇ સમાજ પરિવાર, કલા-સાહિત્યની વધુમાં વધુ સેવા કરે. વ્યવસાયમાં અગ્રેસર રહે તેવી શુભેચ્છા. પ્રસિધ્ધ વિચારક થોરોનું સુંદર સુભાષિત મુકેશભાઇને ગમે તેવું ભેટ આપીએ.

"પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે."

તેમનો મો.નં. છે - ૯૮૨૪૨૧૦૭૯૪

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૩મી ઓક્ટોબર

- ગુજરાતમાં સોનેટ કાવ્યપ્રકારના જનક બળવંતરાય કલ્યાણરાય (બ.ક.ઠાકોર) નો જન્મ ૨૩.૧૦.૧૮૬૯.
  સોનેટ કાવ્યપ્રકાર ખેડ્યો, યતિ વગરની છંદ રચના તેમની વિશિષ્ટતા હતી.
- સર થોમસ વેપારી પરવાનો મેળવવા અજમેરમાં જહાંગીરને મળવા આવ્યો - ૧૬૭૫.
- પૈડા વેમ્પા - પિતા અને ઇશ્વરમ્મા માતાને ત્યાં પુત્તપત્તી (આંધ્ર)માં સત્ય સાંઇબાબાનો જન્મ થયો - ૧૯૨૬.
- ડાયના હેડન ભારતની મિસ વર્લ્ડ તરીકે પસંદગી પામી - ૧૯૯૭.
- નર્મદે શિક્ષકની નોકરી છોડી સંકલ્પવીર તરીકે જીવવાનો નિર્ણય કર્યો.
- ૧૮૫૮ - બાદશાહ હુમાયુને ત્યાં મોગલ બાદશાહ અકબરનો જન્મ.
- ૧૫૪૨ - બાદશાહ હુમાયુને ત્યાં મોગલ બાદશાહ અકબરનો જન્મ.
- ૧૯૨૩ - સંગીત કલાધારણી શાન્તાબેન આપ્ટે - હૈદરાબાદનાં દૂધની ગામે જન્મ.
- મોહમ્મદ બેગડાનું અવસાન - ૧૫૧૧.
- ૧૯૬૯ - ગણેશકૃષ્ણ ગોખલે - પીઢ સંશોધનકાર ઇતિહાસવિદ જૂના - દસ્તાવેજોના જાણકારનો ૧૯૬૯માં જન્મ.

# વિશ્વની લગભગ ઘણી બાબતો અન્યોન્ય દેશોમાં સ્વીકારાઇ રહી છે, ત્યારે આપણે આપણી સંસ્કૃતિની સહેજ હટકે શા માટે ચર્ચા કરવી જોઇએ?

## ચર્ચા સભા

**- હર્ષદરાય ઉપાધ્યાય**

## ખામી પર દૃષ્ટિ કે ખામી વાળી દૃષ્ટિ

વર્તમાનપત્રોમાં વારંવાર આવતા એક મહત્ત્વના ચિંતાજનક સમાચાર વિષે વિચારવાનું મન થયું છે. આ સમાચાર હોય છે. "દેહ વ્યાપારના ધંધાને લગતા." અથવા "ખરાબ ચેનચાળા કરતું કોઇક પકડાયું."

કદાચ આ વાત નાકનું ટેરવું ચઢાવવા કેટલાકને પ્રેરે તેવી છે. અને સમાજને માથે કાળી ટીલી જેવી આ વાત કદાચ આપણને લાગે. પરંતુ આ સમાચારને માનીએ છીએ તેટલા મહત્ત્વના ના લેખી શકાય. કારણ કે વિશ્વનું જયારે એકીકરણ થઇ ગયું છે. વિશ્વની લગભગ ઘણી બાબતો અન્યોન્ય દેશોમાં સ્વીકારાઇ રહી છે. ત્યારે આપણે આપણી સંસ્કૃતિની સહેજ હટકે શા માટે ચર્ચા કરવી જોઇએ?

સમાજમાં ભારે ધૃણાસ્પદ એવી આ વાતની યોગ્યતા અથવા સ્વીકૃતિ એ કદાચ ગળે ન ઉતરે તેવી વાત છે. આ બાબતો સમાજને અને સભ્યતાને બગાડતી વાતો છે. તેમ સહજ સૌ માને છે. પરંતુ માણસની અનિવાર્ય ગણી શકાય તેવી જરૂરિયાતોમાં સેક્સ એ અગ્રીમ સ્થાને છે. કુટુંબવ્યવસ્થા મુજબ લગ્ન એ તેનો શ્રેષ્ઠ ઉપાય ગણાય. પરંતુ એવા ઘણાંય વ્યક્તિઓ હશે કે જેમને કોઇને કોઇ કારણસર એકલા રહેવું પડતું હશે. અથવા લગ્નજીવનથી વંચિત રહેવું પડ્યું હશે. ત્યારે આવા માણસોને માટે સમાજમાં કોઇક વૈકલ્પિક વ્યવસ્થા ન હોઇ છૂટકે તેમને તે માર્ગે જવું પડતું હોય છે. સંરક્ષણ ક્ષેત્રે કદાચ એકલતાના પ્રશ્ને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હોય છે. જો આવું ત્યાં હોય તો પ્રશ્ન થાય કે શા માટે આવું તેઓને પૂરૂં પાડવામાં આવે છે? જવાબ સહજ છે. લાંબો સમય ઘરથી દૂર હોય ત્યારે દેહભૂખનો પ્રશ્ન ધ્યાને લેવો જ પડે.

હવે કાયદો અને સમાજ આવા 'ધંધા'ને માન્ય ગણતો નથી. આથી ભલે અન્યોન્ય સંમતિ - ખૂશી અને જરૂરિયાત સંતોષાતી હોય તેઓનાં ઉપર પગલાં લેવાય છે. અંધારા ખૂણામાં અને સમાજની નજરથી બચીને દૂર થતું આવું કૃત્ય પણ અપરાધ ગણાય છે. પરંતુ શું વિચાર અલગ રીતે ન હોઇ શકે? વિશ્વના અસંખ્ય દેશોમાં આવા કાર્યને સહજ ગણવામાં આવે છે. બે રોકટોક આવું થઇ શકે છે. તો આપણે ત્યાં તેને મર્યાદાઓ અને શરતોને આધારે શા માટે છૂટ ના આપવી જોઇએ? એવું જોવા મળ્યું છે કે જયાં આવા 'ધંધા' ને છૂટ છે ત્યાં સૂરત, મુંબઇ કે કલકત્તા જેવા શહેરોમાં કદાચ બળાત્કારના કેસ ઓછા જોવા મળે છે. બળાત્કારના ગુના એ અતિ ગંભીર બાબત છે. પરંતુ તેમાં ઘણાં કિસ્સામાં "જરૂરિયાત" નો વિકલ્પ ન મળતાં આવું થતું જોવા મળે છે. એટલિસ્ટ આવા કિસ્સામાં તો ઘટાડો થશે. દરેક સ્થિતિની બે બાજુ હોય છે. આ વાત ને સામે અસંખ્ય દલીલો થઇ શકે. પરંતુ સહેજ અલગ નજરે જોવાનો કમસેકમ એક પ્રયત્ન તો કરી જુઓ.

વૃધ્ધાશ્રમ એ સમાજ માટે શું ગણવું? કલંકરૂપ કે આશિર્વાદ રૂપ? નથી ઇચ્છતાં છતાં અને દુ:ખદ હોવા છતાં તેની સમાજમાં સ્વીકૃતિ છે. શા માટે? બસ આજ રીતે દેહ વ્યાપારની સમસ્યાઓને વિચારી શું કોઇ વ્યવહારૂં માર્ગ ન નીકળી શકે? જયાં સુધી આવો માર્ગ નહીં નીકળે ત્યાં સુધી છાને - છપને અને સર્વત્ર આવી ઘટનાઓ બન્યાં જ કરશે.

વિશ્વ સ્તરે હવે જયારે આપણે વિચારવાનો સમય થઇ ગયો છે ત્યારે આ વાત અગ્રસ્થાને ચિંતન કરવા સારૂં પ્રસ્તુત કરૂં છું.

આવું જ બીજું તથ્ય છે કે બગીચામાં કે છાના છપનાં અટકચાળા કરતાં કોઇકને જોતાં આપણે ધીક્કારની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરંતુ મને લાગે છે કે ઉંમર અને સમય મહત્ત્વનો ભાગ ભજવે છે. અયોગ્ય હશે જ, પરંતુ જરા હટકે વિચારીએ તો, જેમને ઘરમાં આવું રવા અનુકૂળતા ન મળતી હોય ત્યારે તે શું કરે? આવું કરવું તે સારૂં નથી એમ આપણે કહીએ તો છીએ પરંતુ કાર્ય ખરાબ ગણાય કે આપણે જોઇએ છીએ તે ખરાબ વૃત્તિ છે? કયાંક બાગમાં કે ખૂણે થતી આવી પ્રવૃત્તિ તરફ શા માટે જોવું જોઇએ? ખુલ્લેઆમ મસાલા, ગુટખા, પાન, સિગારેટ, પાન જેવું નિંદનીય કામ કેમ નોંધે લેવાતું નથી? જાહેર સ્થળે સહજભાવે ગાળો બોલાવી કે ગંદી મશ્કરી કરવી, ગમે ત્યાં થૂંકવું, પીચકારી મારવી કે ગંકદી કરવી તે શું શોભાસ્પદ છે? આવી વાતોની શું સમાજ ઉપર અસર પડતી નથી? માત્ર એક જ વાતે હો... હા... કરવી કેટલી યોગ્ય છે?

ટી.વી. કે ફિલ્મોમાં દર્શાવાતાં સર્વસામાન્ય દૃશ્યો બાળકો કે સૌ કોઇ માટે શું વધુ અસરકારક નથી?

પરંતુ ના અહીં આપણે વિચારવું મુનાસીબ માનતા નથી. બસ દુનિયાથી છૂપાઇ બે વ્યક્તિઓની હરકતો ને કેટલું ગંભીર સ્વરૂપ અપાય છે? શું આ બધી વાતો વિચારવા જેવી નથી.

કદાચ સમાજ વ્યવસ્થા મુજબ આપણે એ રીતે જોવા અને વિચારવા ટેવાયેલા છીએ. ખરાબ ગણતાં કાર્યો બધાં દૂર થવાં ઘટે. વળી પ્રેમ એ તો શાશ્વત બાબત છે. માટે તેનાં વિવિધ સ્વરૂપો કયાંકને કયાંક દેખાવાનાં જ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)